

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લગાડે બટ્ટો, ચોખ્ખા ચોપડે એવા વહીયા છે,*
*બગાડે નામના સનદની એ એવા સૈંયા છે,*
*લહિયા લખેસરી, રમે રાસલીલા રંગીલા -*
*લાજે ગુજરાતનું, 'ગૌરવ' - એવા દહિયા છે*

હાઈકુ

*ગુજરાત છે -*
*નિષ્ણાત સનદીનું -*
*સપ્લાય કેન્દ્ર !!*

*'સચિવાલય'*
*કેબીનો કરો ખાલી -*
*ભરો કેન્દ્રમાં...*

*(- અહીં તો દહિયા જેવાની ચાલશે..)*

### ચિંતન

**એકે આત્મનઃ શરીર ભાવાત્ ।**

ઉપરોક્ત શ્લોક આત્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કેટલાક કહે છે કે આત્માનો શરીરે શરીર હોય છે ત્યારે જ ભાવ હોવાને લીધે શરીરની અલગ આત્માની સત્તા નથી.

શરીર હોય છે ત્યાં સુધી જ એમાં રહેલા આત્માની પ્રતીતિ થાય છે. એથી સિદ્ધ થાય છે કે શરીર નથી હોતું ત્યારે આત્માનું અસ્તિત્વ પણ રહેતું નથી. મરણ પછી શરીર શાંત થાય છે એટલે આત્મા પણ શાંત જ થઈ જતો હોવો જોઈએ, તો પછી એ અવસ્થામાં એ બ્રહ્મલોકમાં પ્રણાય કરે છે કે પરલોકમાં જઈને પોતાના કર્મોના ફળને ભોગવે છે. એવી વાતમાં વિશ્વાસ કેવી રીતે રાખી શકાય ?

'આત્મા' શરીરમાં કોઈ અગમ્ય-અદષ્ટ - અસ્પૃશ્ય તત્ત્વ તરીકે રહે છે શરીરન હોય તો આત્મા બ્રહ્મલોક - પરલોક પ્રેતલોકમાં જાય છે 'મૃત્યુ પછી શું?' એ આજ સુધી કોઈ નક્કર - સ્પષ્ટ જાણી શક્યું નથી.

### સુવિચાર

- જો વ્યક્તિ જીવન મેં કભી સંઘર્ષ સે 'પરિચિત' નહીં હોતા,
  ઈતિહાસ ગવાહ હૈ કિ વો કભી 'ચર્ચિત' નહીં હોતા - **રામનારાયણ પાઠક**
- આ જગત આપણી કલ્પનાશક્તિ માટે એક 'કેન્વાસ' છે - **ડેવિડ થોરો**
- શ્રદ્ધા એટલે તમે જે જોયું નથી તેમાં તમારો વિશ્વાસ : આ શ્રદ્ધાનું ઈનામ એ જ કે તમે જે માન્યું હોય તે જોઈ શકો છો - **સંત ઓગસ્ટિન**
- તમને જયારે એવું લાગશે કે કોઈ વાતની કમી નથી ત્યારે આખું જગત તમારું થઈ જશે - **લાઓત્સે**
- મનુષ્ય એટલો ડરપોક છે કે તે સ્વપ્નમાં પણ ડરી જાય છે, અને એટલો બહાદુર પણ છે જે જાગતો હોય ત્યારે ભગવાનથી પણ નથી ડરતો - **સંત રોબિન**
- આપણા ઈરાદાઓથી નહીં પરંતુ આપણા પરિણામોથી આપણી ઓળખ ઊભી થાય છે - **બી.એન. દસ્તુર**
- આજનું ઔષધ : મધને ગરમ કરવાથી પાતળુ થાય ત્યારે તેમાં તજનો પાઉડર ઉમેરી તે મિક્સ ઠંડુ થાય એટલે અડધી ચમચી ખાવાથી ઉધરસમાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વિદ્વાન બ્રાહ્મણ એક ગામથી બીજે ગામ પગપાળા જઈ રહ્યા હતા. ત્યારે બાજુના ખેતરમાંથી એક સ્ત્રીની વેદના ભરી ચીસ સંભળાઈ. વિદ્વાનને થયું કે કોઈ મહિલા જરૂર સંકટમાં હોવી જોઈએ. અવાજની દિશામાં જઈને જોયું તો સ્ત્રીને પગે સર્પદંશ થયો હતો. આ સ્ત્રી ખેતરમાં કામ કરતી દલિત મજૂર હતી. ડંખવાળા ભાગને કસીને બાંધવા માટે વિદ્વાને દોરીની શોધખોળ કરી પણ મળી નહીં. છેવટે હાજર તે હથિયાર ગણી પોતાની જનોઈ ઉતારી સ્ત્રીના પગની પીંડી પર બાંધી દીધી. ડંશ વાલા ભાગે ચીરો મૂકી વિષયુક્ત લોહી બહાર વહેવડાવી દીધું. થોડીક વારમાં બીજા ખેતમજૂરો આવી ગયા. અને સ્ત્રીન બાજુના ગામની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા અને તેણી બચી ગઈ. થોડા દિવસો બાદ કેટલાંક સંકુચિત વિચારોવાળા લોકો આ વિદ્વાનની ટીકા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા. 'બ્રાહ્મણ' થઈ પોતાની પવિત્ર જનોઈ એક અછૂત જાતિની સ્ત્રીના પગે બાંધીને તમે અપકૃત્ય કર્યું છે.' વિદ્વાને ટીકાની કોઈ પરવા ન કરતાં કહ્યું, 'આપણો સાચો ધર્મ તો વિપત્તિમાં પડેલ વ્યક્તિના પ્રાણ બચાવવાનો છે. એક જ ઈશ્વરે બનાવેલા જીવોમાં ભેદભાવ કેવો ?' આ વિદ્વાન હતા હિન્દી સાહિત્યના પ્રખર સાહિત્યકાર આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી.

# જય જય ગરવી ગુર્જરધાની!

**તંત્રીસ્થાનેથી...**

મહાત્મા ગાંધીએ સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય કે એક દિવસ મુંબઈ ઈલાકાના ભાગલા પડશે અને જુદા પડેલા ગુજરાતની નવી રાજધાનીનું નામ ગાંધીનગર પાડવામાં આવશે. ગાંધીજી એમનું ચાલે તો જેમની સાથે ખોળિયું બદલવા તૈયાર હતા એવા મૂક સેવક પૂ. રવિશંકર મહારાજના શુભાશિષ સાથે ગુજરાત રાજયના મંગળાચરણ મંડાયાં હતાં અને અઠંગ ગાંધીવાદી લોકનેતા બાબુભાઈ જશભાઈ પટેલના કાર્યકાળમાં પાટનગર અમદાવાદના ધમાલિયા વાતાવરણમાંથી ખસેડી સાબરમતી કિનારે ગ્રામીણ વિસ્તારોની જમીન સંપાદિત કરી નવેસરથી, યોજનાબદ્ધ રીતે વસાવવામાં આવ્યું હતું. એની પહેલી ઈંટ મુકાઈ એને ચોપ્પન વરસનાં વહાણાં વાઈ ચૂક્યાં છે અને હવે તો ગાંધીનગર દુનિયાભરમાં એની હરિયાળીથી લઈ અક્ષરધામ અને મહાત્મા મંદિર જેવાં સ્થાનકોનાં નામે જાણીતું બની ચૂક્યું છે. ગાંધીનગર કયારે ધૂળિયું નગર બલકે સરકારી કર્મચારીઓની વસાહતથી વિશેષ નહોતું. કોઈને અહીં રહેવું પડે તો એ મજબૂરી ગણાતી હતી. મોટા ભાગના અધિકારીઓ અને કર્મચારીઓ અમદાવાદથી આવ-જા કરતા હતા. આજે ગાંધીનગર એ ગુજરાતનું સૌથી ઉત્તમ રહેવાલાયક નગર બની ચૂક્યું છે. એની નાગરિક સુવિધાઓ અને વિશાળ રાજમાર્ગો ઉપરાંત પ્રદૂષણ રહિત વાતાવરણ ગુજરાતના શ્રેષ્ઠ નગર તરીકે એની ઉત્કૃષ્ટ ઈમેજ ઊભી કરે છે. સરકારી શહેરની શરૂઆતવાળી છાપ ધીરે ધીરે ભૂંસાતી ચાલી છે. સરકારી શહેર જાણે હાંસિયામાં ચાલ્યું ગયું છે અને 'સંસ્કારનગરી ગાંધીનગર' ભીંત ફાડીને પીપળો ઊગી નીકળે એમ વધુ ને વધુ પ્રસ્થાપિત થતું રહ્યું છે. અહીં ફક્ત સચિવાલય અને સ્વર્ણિમ સંકુલો કે વિધાનસભા નથી; અહીં હવે કેળવણીની અતિવિશિષ્ટ સંસ્થાઓ ફૂલીફાલી છે. સેન્ટ્રલ યુનિવર્સિટી આવી છે. પેટ્રોલિયમ યુનિવર્સિટી, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ, નિરમા યુનિવર્સિટી અને બીજી ઢગલાબંધ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત અહીં શરૂથી જ 'કર ભલા, હોગા ભલા'ના મૂલ્યસૂત્ર સાથે કડી સર્વવિદ્યાલય ચાલે છે જેને ડીઝ યુનિવર્સિટીનું સ્ટેટસ સાંપડ્યું છે. દેશમાં કયાંય ન હોય એવી ચિલ્ડ્રન યુનિવર્સિટી પણ છે અને સ્પોર્ટ્સ યુનિવર્સિટી,નિફ્ટ, હોટેલ મેનેજમેન્ટ કૉલેજ, ગિફ્ટ સિટી, રક્ષા યુનિવર્સિટી પણ છે. પૂછો કે શું નથી ? મેડિકલ કૉલેજ પણ છે અને ટીચર્ય યુનિવર્સિટી પણ છે. વિદ્યાર્થીઓનાં ઝુંડનાં ઝુંડ ઊમટે છે કારકિર્દી બનાવવા માટે. એમને માટે પૂરતી નિવાસ વ્યવસ્થા નથી, તેથી ઊંચા ભાંડાં ભરીને પ્રાઈવેટ મકાનોમાં રહેવું પડે છે. ગાંધીનગરમાં સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિો ધમધમે છે. ૫૫મે વર્ષે ગાંધીનગરને હવે અદ્યતન રેલવે સ્ટેશન પણ મળી રહ્યું છે. ગામડાં ભાંગીને બનેલી રાજધાનીમાં વૃક્ષો ઓછાં થઈ રહ્યાં છે અને ઈમારતો વધી રહી છે. આશ્ચર્ય એ વાતનું છે કે ઉનાળામાં એ અમદાવાદ કરતાં વધુ ગરમ રહે છે અને શિયાળામાં ઠરીને ઠીકરું થઈ જાય છે. બધે વરસાદ પડી ગયા પછી ગાંધીનગરના ફાળે વધ્યાં ઘટ્યાં વાદળ વરસે છે. શું કારણ હશે ? જેમની જમીનો પાણીના મૂલે, તફડાવીને સરકારી મહોલાતો બની એ લોકોની બદદુઆઓ ?

# દુર્ગુણોથી તારે - એ શિવ !



**અમર વારસો**
**ડો. રશ્મિકાન્ત મહેતા**

ભારતીય સંસ્કૃતિમાં મંત્રોનું વિશેષ મહત્ત્વ છે. એ ધર્મનું અવિભાજ્ય અંગ છે. માનસિક - એકાગ્રતા સાધી આપે, ઈષ્ટદેવ સાથે તાદાત્મય સાધી આપે. માનસિક અને શારીરિક સ્વસ્થતા જાળવી રાખે.

આમાંના કેટલાક મંત્રો મહત્ત્વનાં છે, એનું વર્ગીકરણ આ રીતે છે :

(૧) માનસિક શાંતિ માટે -
- ૐ
- ૐ શાંતિ :

(૨) શારીરિક સ્વાસ્થ્ય માટે -
- લં વં રં યં હં ૐ
- સોઙહમ્

(૩) મન અને બુદ્ધિની નિર્મળતા માટે -
- ૐ ભૂર્ભુવઃ સ્વઃ, તત્ સવિતુર્વરેણ્યં, ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ પ્રચોદયાત્
- ૐ શાંતિ :

(૪) સામર્થ્ય માટે -
- હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે.
  હરે રામ હરે રામ, રામ રામ હરે હરે.
- શ્રી રામ જય રામ જય જય રામ
- જય જગદંબે મા દુર્ગા

(૫) વિઘ્નો અને બંધનોમાંથી મુક્તિ માટે -
- ૐ ગં ગણપતયે નમઃ
- ૐ નમઃ શિવાય
- જય ગુરુદેવ

આમાંથી ઉદાહરણ રૂપે છે : ૐ નમઃ શિવાય.

ૐ માં ત્રણ અક્ષર છે - 'અ' , 'ઉ' , 'મ'. હિન્દુ ધર્મમાં ત્રણ દેવોની ત્રિમૂર્તિ પ્રસિદ્ધ છે. આ ત્રણ અક્ષર અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ માટે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને વિલય અનુક્રમે તેઓ સંભાળે છે. ૐ ના ઉચ્ચાર સાથે ત્રણેયનું પવિત્ર સ્મરણ થઈ જાય છે.



ભગવાન શંકરનું કાર્ય વિલયનું છે. જેટલું જન્મ અને સ્થિતિનું મહત્ત્વ છે, એટલુંજ વિલયનુંછે. ભારતીય પરંપરામાં તો વિલયનો અર્થ રૂપાંતરણ જ છે. આ માત્ર રૂપાંતરણ જ છે.

શિવનું કાર્ય વિનાશનું છે, છ વિકારો - દુર્ગુણો છે : કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, ઈર્ષ્યા. મનુષ્યના આ વિકારો - દુર્ગુણોનો એ વિનાશ કરી શકે છે. દુર્ગુણોથી તારી શકે છે. શિવનો અર્થ કલ્યાણ પણ છે.

ૐ નમઃ શિવાય મંત્રને કારણે જીવનમાં દુર્ગુણોથી દૂર રહેવાય છે અને મૃત્યુસમયે રૂપાંતરણ સાહજિક બને છે; મૃત્યુનો ભય રહેતો નથી.

આ મંત્ર માટે કોઈ વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. (૧) માળા ફેરવતી વખતે મંત્ર મનમાં કે મોટેથી બોલીને થઈ શકે (૨) મંત્રને લયમાં બાંધીને કીર્તન થઈ શકે. (૩) શ્વાસ લેતાં અને ઉચ્છવાસ કરતાં મંત્ર બોલી શકાય (૪) ચાલતી વખતે દરેક પગલે બોલી શકાય. (૫) મંત્રનું લેખન થઈ શકે. આ પણ લિખીત જપ છે.

આ મંત્રથી એકાગ્રતા સાધી શકાય છે અને કલ્યામ શિવત્વની પ્રાપ્તિ થાય છે.

(આધાર - એ લિટલ બીટ ઓફ મંત્રાસ, લીલી કુષ્માન, સ્ટર્લિંગ એથોસ, ન્યૂયોર્ક : ૨૦૧૯, પુનમુદ્રણ)

# વાચસ્પતિ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે આપવામાં આવે છે?



**ખજાનો**
**અનિલ પટેલ**

## એવોર્ડ્ઝ

૧ વાચસ્પતિ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે આપવામાં આવે છે ?
(અ) સંગીત (બ) સાહિત્ય
(ક) કલા (ડ) સંશોધન

૨ નીચેનામાંથી કયો એવોર્ડ કે.કે. બીડલા ફાઉન્ડેશન દ્વારા અપાતો નથી ?
(અ) સરસ્વતી સન્માન (બ) વાચસ્પતિ પુરસ્કાર
(ક) વ્યાસ સન્માન (ડ) જ્ઞાનપીઠ પુરસ્કાર

૩ શાંતિ સ્વરુપ ભટનાગર પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) વિજ્ઞાન (બ) રમત-ગમત
(ક) ચિકિત્સા (ડ) સાહિત્ય

૪ દાદા સાહેબ ફાળકે એવોર્ડ કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) નૃત્યકલા ક્ષેત્ર (બ) ફિલ્મક્ષેત્ર
(ક) ચિત્રકલા ક્ષેત્ર (ડ) સમાજ સેવા ક્ષેત્ર

૫ સૌ પ્રથમ ગુજરાતી ભાષા માટે જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર સાહિત્યકાર કોણ હતા ?
(અ) રઘુવીર ચૌધરી (બ) રાજેન્દ્ર શાહ
(ક) ઉમાશંકર જોષી (ડ) મનુભાઈ પંચોળી

૬ હિન્દી કે રાજસ્થાનીમાં લખનાર રાજસ્થાની લેખકને કયો પુરસ્કાર એનાયત થાય છે ?
(અ) બિહારી પુરસ્કાર (બ) ઈકબાલ સન્માન
(ક) સુબ્રહ્મણમ ભારતી પુરસ્કાર (ડ) શંકર પુરસ્કાર

૭ બારલોગ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) વિજ્ઞાન ક્ષેત્ર (બ) રમત-જગત
(ક) નાટ્ય ક્ષેત્ર (ડ) કૃષિક્ષેત્ર

૮ નીચેનામાંથી કયો પુરસ્કાર ગુજરાત સરકાર દ્વારા અપાય છે ?
(અ) ઈકબાલ સન્માન (બ) વ્યાસ સન્માન
(ક) નરસિંહ મહેતા પુરસ્કાર (ડ) ગોપાલ રત્ન એવોર્ડ

૯ રાજેન્દ્ર સન્માન કયા રાજયનો સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર છે?
(અ) બિહાર (બ) મધ્યપ્રદેશ
(ક) ઉત્તરપ્રદેશ (ડ) બંગાળ

૧૦ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર 'રહેમાન રાહી' ને કઈ ભાષા માટે એવોર્ડ મળ્યો હતો ?
(અ) ઉર્દૂ (બ) કાશ્મીરી
(ક) હિન્દી (ડ) ઉડિયા

૧૧ સી. કે. નાયડુ પુરસ્કાર કઈ રમત માટે અપાય છે ?
(અ) વૉલીબોલ (બ) હોકી
(ક) ક્રિકેટ (ડ) કબડ્ડી

૧૨ દેશનો સર્વોચ્ચ શાંતિકાલીન શૌર્ય પુરસ્કાર કયો છે ?
(અ) પરમવીર ચક્ર (બ) અશોક ચક્ર
(ક) અર્જુન પુરસ્કાર (ડ) પદ્મશ્રી એવોર્ડ

૧૩ મરાઠી ભાષામાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પ્રથમ સાહિત્યકાર કોણ હતા ?
(અ) ગોપીનાથ મોહંતી (બ) વિન્દા કરન્દીકર
(ક) માખનલાલ ચતુર્વેદી (ડ) વિષ્ણુ સખા ખાંડેકર

૧૪ ગ્લોબલ ૫૦૦ પુરસ્કાર કોના દ્વારા અપાય છે ?
(અ) યુનેસ્કો (બ) યુએનઈપી
(ક) યુનિસેફ (ડ) ડબલ્યુ એચ ઓ

૧૫ હરિઓમ આશ્રમ પુરસ્કાર કોના દ્વારા અપાય છે ?
(અ) યુજીસી (બ) માનવ સંશાધન મંત્રાલય
(ક) એનસીઈઆરટી (ડ) સ્ટેટ યુનિવર્સિટી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨જી ઓગસ્ટ : દાદરા અને નગર હવેલી મુક્તિ દિવસ**
  - ટેલિફોનના શોધક ગ્રેહામ બેલની પુણ્યતિથિ (૧૯૨૨)
  - ભારતના રસાયણશાસ્ત્રી ડૉ. પ્રફુલ્લચંદ્ર રોયનો જન્મદિવસ (૧૮૬૧)
  - વિશ્વની પ્રથમ અન્ડર ગ્રાઉન્ડ રેલવેની શરુઆત લંડનમાં થઈ (૧૮૭૦)
  - નર્મદા શંકર મહેતાની જન્મજયંતિ (૧૮૭૧)
- **૩જી ઓગસ્ટ :**
  - ગઝલ અને શૅર શાયરી સમ્રાટ શકીલ બદાયૂનો જન્મદિવસ (૧૯૧૬)
  - સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નવીન શોધ કરનાર સર રિચર્ડ આર્ક રાઈટનું નિધન (૧૭૯૨)
  - રાષ્ટ્રકવિ મૈથિલીકરણ ગુપ્તનો જન્મદિવસ (૧૮૮૬)
  - પુરુષોત્તમ ગ. માવળંકરની જન્મજયંતિ (૧૯૨૮)
- **૪થી ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય મૈત્રી દિવસ**
  - બાળકોના સૌથી પ્રિય વાર્તાકાર હેન્સ ક્રિશ્ચિયનનું નિધન (૧૮૭૫)
  - મુંબઈના બેતાજ બાદશાહ ગણાતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મદિવસ (૧૮૭૫)
  - હિન્દી સિનેમાના પાર્શ્વગાયક કિશોર કુમારનો જન્મદિવસ (૧૯૨૯)
  - ભારતના પ્રથમ પરમાણું સંશોધન રીએક્ટર 'અપ્સરા'નું લોકાર્પણ કરવામાં આવ્યું (૧૯૫૬)
- **૫મી ઓગસ્ટ :**
  - મહારાષ્ટ્રના ભીષ્માચાર્ય 'દાદા સાહેબ' : દત્તોપંત વામન પાતેદારનો જન્મદિવસ (૧૮૮૦)
  - અમેરિકન અભિનેત્રી અને મોડેલ મેરલીન મનરોનું નિધન (૧૯૬૨)
  - રશિયા - અમેરિકા - બ્રિટને પરમાણુ પરિક્ષણ પર પ્રતિબંધ મુકવા સર્વસંમતિથી કરાર કર્યો (૧૯૬૩)
  - લીલી શેઠ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટની પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા (૧૯૯૧)
- **૬ ઓગસ્ટ : હિરોશીમા દિવસ / વિશ્વ શાંતિ દિવસ**
  - સુરેન્દ્રનાથ બેનરજીનું નિધન (૧૯૨૫)
  - જાપાનના 'હિરોશિમા' શહેર પર અમેરિકાએ અણુબોમ્બ ફેંક્યો (૧૯૪૫)
  - ભારતના મહાન પુરાતત્ત્વવિંદ રાજા રાજેન્દ્રલાલ મિત્રની પુણ્યતિથિ (૧૯૯૧)
  - એલેકઝાંન્ડર ફલેમીંગની જન્મજયંતિ (૧૮૦૯)
- **૭ ઓગસ્ટ :**
  - સર્વશ્રેષ્ઠ ચિત્રકાર અવનીન્દ્રનાથનો જન્મદિવસ (૧૮૭૧)
  - કૃષિ વૈજ્ઞાનિક એમ. એસ. સ્વામીનાથનનો જન્મદિવસ (૧૯૨૫)
  - અમેરિકાની કાળી-ગોરી પ્રજાના લાડીલા હબસી નેતા બંચનો જન્મદિવસ (૧૯૦૪)
  - સાહિત્યકાર ભોળાભાઈ પટેલની જન્મજયંતિ (૧૯૩૪)
- **૮ ઓગસ્ટ : સંસ્કૃત દિવસ**
  - ગાયિકા સિધ્ધેશ્વરી દેવીનો જન્મદિવસ (૧૯૦૮)
  - સાહિત્યકાર મગનભાઈ પટેલ 'પતીલ'ની જન્મજયંતિ (૧૯૦૫)
  - અમૃતલાલ યાજ્ઞિકની જન્મ જયંતિ (૧૯૧૩)
  - વૉરસોવ રેડિયો ટાવર ધરાશાયી થયો (૧૯૯૧)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ગુજરાતના નવા નિયુક્ત થયેલા રાજયપાલશ્રીનું નામ શું છે?**

**જવાબ : આચાર્ય દેવવ્રત**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ
(૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**ઈસરો દ્વારા મંગળયાન કયારે છોડવામાં આવ્યું હતું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નામ ગુમ જાયેગા... 'ઉપનામ' હી પહેચાન હૈ !!



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

'નામમાં શું (બાળ્યું) છે ?' એવું કહેનાર અંગ્રેજી સાહિત્યના સુપ્રસિદ્ધ સર્જક - નાટ્યલેખક શ્રીમાન શેક્સપિયર પણ પોતાની કૃતિઓ નીચે લેખક તરીકે તેમનું નામ લખવાનું ભૂલ્યા નથી. (શેક્સપિયરનું મૂળ ક્વોટ છે : 'What in a name ? That which we calll rose by any other name would smell as sweet...' મતલબ કે, 'ગુલાબને કોઈ પણ નામ આપો, તોય એ એવી જ મીઠી સુગંધ આપશે !!)

એ યુગમાં મિ. શેક્સપિયરને 'નામમાં કઈ રાખ્યું નથી' એવું ભલે લાગયું હોય, આજના જમાનામાં તો નામમાં જ 'સબકુછ હૈ.' ફિલ્મના પોસ્ટરમાં મુખ્ય કલાકારોનાં નામ નહીં લખવાની વાત જવાદો, 'પહેલું નામ એનું કેમ ? મારું કેમ નહીં ?' ના મુદ્દે નારાજગી વિરોધ દર્શાવાતી આપણે વાંચી છે... ને સરકારી કાર્યક્રમોનાં નિયંત્રણ કાર્ડમાં કોઈ વી.આઈ.પીનું નામ રહી જાય કે ખોટું છપાઈ ગયું હોય તો એ છપાવનાર વિભાગ - અધિકારી ઉપર કેવાં માછલાં ધોવાય છે? એટલે આજે હવે 'નામમાં શું છે ?' એમ કહેવું પરવડે એવું નથી.

ઉલ્ટાનું આજના સમયમાં તો નામમાં જ બધું છે. સ્કૂલ લિવિંગ સર્ટિફીકેટ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, પાનકાર્ડ વગેરે જયાં 'ઓળખ' ના પુરાવા તરીકે આપ્યા હોય ત્યાં એનાથી અલગ નામ લખવાની વાત તો દૂર રહી, પણ તેનાથી જરાક અલગ રીતે લખાઈ ગયું કે સ્પેલિંગમાં સહેજ ફેરફાર થઈ ગયો તો પત્યું ! એમાં 'પ્રકાશ' જ હોય ને પાસપોર્ટમાં કે વિઝામાં ફોર્મમાં 'પ્રકાશચંદ્ર' કે 'પ્રકાશકુમાર' બનવા ગયા તો ખલ્લાસ... 'વરઘોડો' પાછો આવ્યો સમજો. ફોર્મ સ્વીકારાશે જ નહીં ને વિઝા-પાસપોર્ટ ઈસ્યુ થઈ રહ્યા !! એટલે આજે તો નામનો જ જયજયકાર છે.

હા, વ્યક્તિમાં એની ફોઈએ ખૂબ લાડ-પ્રેમ-ઉમંગથી પાડેલા નામ પ્રણામેના ગુણ કદાચ જોવા ના મળે એવું બની શકે. આનંદભાઈ દુઃખી જ રહેતા હોય, મોજીલાલ દિવેલિયું ડાચું લઈને ફરતા હોય,ચતુરદાસને બધા કાયમ છેતરી જતા હોય કે લક્ષ્મીશંકર કડકા હોય.... એટલે કોઈ કહે કે આવી વ્યક્તિઓનાં 'નામમાં કશું નથી' તો વાજબી વાત છે. પણ આપણે માર્ક કર્યું છે કે 'ઓળી, ઝોળી પીંપળ પાન ફોઈએ પાડ્યું - નામ' કરીને હોંશથી સંસ્કારવિધિ થયો હોય છે તેના સિવાય વ્યક્તિનું એના દોસ્તો, વિરોધીઓ, સમાજે 'ફોઈબા' બનીને જે બીજું 'નામાભિધાન' કર્યું હોય છે એ એના વ્યક્તિત્વને સો ટકા પ્રતિબિંબિત કરતું હોય છે.

આવાં નામ એટલે વ્યક્તિને મળેલું 'ઉપનામ,' જે તેના સ્વભાવ, ખાસિયત, ગુણ, ટેવ-કુટેવ, વ્યવહાર-વ્યવસાયને ધ્યાનમાં રાખીને મળતું હોય છે. કવિઓએ તો જાતે પોતે પોતાનું 'ઉપનામ' રાખવું પડે છે. જેમ કે કવિ, 'તરંગી', કવિ 'ધૂની', કવિ 'મનમોજી', કવિ 'મારફાડ' ... પરંતુ આપણા જેવા આમ આદમીને તો એના બીજા નામથી - ઉપનામની બક્ષિસ બીજા તરફથી મળેલી હોય છે. ઉદાહરણ તરીકે ઓછું સાંભળતા ધ્યાનેશભાઈ ધ્યાનેશ 'બહેરા' તરીકે ઓળખાય છે. દરેક વાતમાં ટાંગ અડાડવાની ડહાપણ ડહોળવાની આદત વાળો દેવજીને 'દોઢ ડાહ્યો' કે કર્મેશ 'પંચાતિયો' નથી કેહવાતો ? બાળપણથી ચશ્મા પહેરવા પડ્યાં હોય એને મિત્રો 'બચુ બેટરી' કે 'બચુ બત્તી' કહીને જ બોલાવતા છે ને ! વળી, આસપાસમાં એક સરખા નામધારી બે-ચાર જણા હોય તો એમને અલગ પાડવા પણ આવાં વિશેષણો મદદરુપ થતાં હોય છે. દા.ત. : ચમન લેંધો, ચમન કોલવડા, ચમન ઘંટી, ચમન નેતા વગેરે વગેરે... મજાની વાત તો એ છે કે વખત જતાં તે મૂળ નામને બદલે આવાં ઉપનામ - વિશેષણથી જ જાણીતા બની રહે છે.

વ્યક્તિનાં આવાં ઉપનામો એના મિત્રોએ પાડ્યા હોય છે ને દુશ્મનોએ પણ... ફર્ક એટલો જ કે દુશ્મનો ઈર્ષ્યા વેરભાવથી એને ખીજવવા કે ઉતારી પાડવા પાડતા હોય છે ને મિત્રો મજાક-લાડમાં ને ખાસ તો પોતાના દોસ્તારની વિશેષતા - ખાસિયત એના નામ સાથે જોડી દઈ, તેને નવી-સજ્જડ 'આઈડેન્ટીટી' આપવા પાડતા હોય છે.

સાચું કહેજો, શાળા-કૉલેજમાં, ટીચર્સ - પ્રોફેસર્સનાં, ફ્રેન્ડ્નાં, આડોશ-પાડોશનાં કાકાં-માસીનાં, બીજા - ત્રીજાનાં કોઈને કોઈ નામ પાડવાનો પ્રત્યક્ષ કે પરોક્ષ લહાવો તમેય લૂંટ્યો છો ને ? કોઈને ઘૂવડ, કડકો, ફેંકુ, બોસ, ફરતારામ, લપિયો, ચિટકુ, ચૌદશ, બાટલી, દાઢી, મૂછછડ, બોંકર, લેંટાબ, મફતિયો જેવાં નામોથી નવાજ્યા હશે જ... અરે ભાઈ, આ તો માનવસહજ સ્વભાવ છે એટલે આપણામાં ઉછાળા માટે તો કંઈ ખોટું નથી... એથી જ કદાચ, આ લેખ વાંચીને તમે અમારું નામ પાડી પણ દો કે 'મહા બોર' તોય 'યુ આર વેલકમ....'